| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010039562021 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૨૪/૧૧/૨૦૨૧ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૨૪/૧૧/૨૦૨૧ | | |
| | | ફેસલ તારીખ | : | ૨૦/૦૬/૨૦૨૫ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| 11202045210757 | | | | ૦૩ | ૦૬ | ૨૬ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VI નાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## <u>ફોર્મ–એ</u>

**જામનગરના અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ,**
**જામનગર.**

**ચુકાદા તારીખ:૨૦/૦૬/૨૦૨૫**
**સેશન્સ કેસ નં. ૧૪૬/૨૦૨૧**
**આંક–૯૧**

(જામનગર પંચ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૨૦૪૫૨૧૦૭૫૭/૨૦૨૧)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી એમ.પી. જાની** |
| **આરોપીઓ** | **મનોજભાઇ ઉર્ફે અનીયો રઘુભાઇ જાદવ,** ઉ.વ. ૩૬, ધંધો: ખેતીકામ, રે. પંચાયતવાળી શેરી, ધુંવાવ, જામનગર. |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **શ્રી એચ.ડી. સોનગરા** |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૦૯/૨૦૨૧ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૦/૦૯/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૨૦/૧૧/૨૦૨૧ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆત | ૦૫/૦૮/૨૦૨૨ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | |

...2...

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપી મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મનોજભાઇ ઉર્ફે અનીયો રઘુભાઇ જાદવ, | ૨૦/૦૯/૨૦૨૧ | ૦૧/૧૧/૨૦૨૧ | ભા.દં.સં. કલમ–૩૭૬(૨)(એફ)(એન) | નિર્દોષ | ના | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

## (એ) ફરિયાદપક્ષ તરફે :–

| સા.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | અતુલભાઇ અમરશીભાઇ ધવલ | સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૪ |
| ૨. | ગોપાલભાઇ ગોવિંદભાઇ પરમાર | | ૧૬ |
| ૩. | વસંત નથુભાઇ રાઠોડ | ભોગ બનનારના સેમ્પલ તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૭ |
| ૪. | ભાવેશ મનસુખભાઇ પરમાર | | ૨૦ |
| ૫. | મહેશભાઇ ગોપાલભાઇ કણઝારિયા | આરોપીના અટક પંચનામાના પંચ સાહેદ | ૨૧ |
| ૬. | ડૉ. રખાલચંદ્ર ગોપેશચંદ્ર દત્તા | આરોપીની મેડિકલ તપાસણી કરનાર ડૉક્ટર | ૩૦ |
| ૭. | ડૉ. હેતલ હિરાભાઇ રાઠોડ | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર ડૉક્ટર | ૩૬ |
| ૮. | ભોગ બનનારના પતિ | સાહેદ | ૪૬ |
| ૯. | કાનજીભાઇ કરમશીભાઇ જાદવ | સ્વતંત્ર સાહેદ | ૪૭ |
| ૧૦. | ડૉ. દિપકુમાર પ્રભુલાલ મણવર | આરોપીની મેડિકલ તપાસણી કરનાર ડૉક્ટર | ૪૯ |
| ૧૧. | ડૉ. હંસાબેન પરષોત્તમભાઇ પટેલ | | ૫૨ |
| ૧૨. | ભોગ બનનાર | ફરિયાદી | ૫૭ |
| ૧૩. | માણસુરભાઇ રામભાઇ સવસેટા | તપાસ કરનાર અમલદાર | ૬૨ |
| ૧૪. | શક્તિસિંહ પ્રભાતસિંહ સોઢા | | ૬૫ |

**ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૨. | મુદ્દામાલ આર્ટિકલ નં. ૭ની પંચ સ્લીપ | ૧૮ |
| ૩. | ભોગ બનનારના સેમ્પલ તથા કપડા કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૪. | મુદ્દામાલ આર્ટિકલ નં. ૮ ની પંચ સ્લીપ | ૨૨ |
| ૫. | આરોપીનું અટક પંચનામું | ૨૩ |
| ૬. | આરોપીની એમ.એલ.સી. નોંધ | ૩૧ |
| ૭. | આરોપીનો ઓ.પી.ડી. કેસ પેપર | ૩૨ |
| ૮. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૩૭ |
| ૯. | ભોગ બનનારનો તપાસણી અહેવાલ | ૩૮ |
| ૧૦. | ભોગ બનનારનું સેમ્પલ કલેક્શન ફોર્મ | ૩૯ |
| ૧૧. | ભોગ બનનારનો ઓપીડી કેસ પેપર | ૪૦ |
| ૧૨. | ભોગ બનનારના ઈન્ડોર કેસ પેપર્સ | ૪૧ |
| ૧૩. | આરોપીની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૫૦ |
| ૧૪. | આરોપીનું સેમ્પલ કલેક્શન ફોર્મ | ૫૧ |
| ૧૫. | આરોપીનો ઓપીડી કેસ પેપર | ૫૩ |
| ૧૬. | આરોપીનું સંમતિ પત્રક | ૫૪ |
| ૧૭. | આરોપીની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૫૫ |
| ૧૮. | આરોપીનું ઈન્જરી સર્ટિફિકેટ | ૫૭ |
| ૧૯. | ફરિયાદ | ૫૮ |
| ૨૦. | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન લેવાની યાદી | ૬૩ |
| ૨૧. | આરોપીની મેડિકલ તપાસણી કરવાનીયાદી | ૬૪ |
| ૨૨. | એફ.એસ.એલ. રાજકોટને મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૬૬ |
| ૨૩. | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૬૮ |
| ૨૪. | ગુન્હો રેકર્ડ કરવાની યાદી | ૬૯ |
| ૨૫. | બનાવવાળી જગ્યાનું અવલોકન કરવા પધારવાની યાદી | ૭૦ |
| ૨૬. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૭૧ |
| ૨૭. | આરોપીની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૭૨ |
| ૨૮. | આરોપીની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૭૩ |

| | | |
|---|---|---|
| ૨૯. | આરોપીને ડી.એન.એ. માટે લઇ જવા કરેલ યાદી | ૭૪ |
| ૩૦. | આરોપીના સેમ્પલ લેવા અંગેની યાદી | ૭૫ |
| ૩૧. | જિલ્લા બહાર તપાસમાં જવા મંજૂરી મળવાની યાદી | ૭૬ |
| ૩૨. | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪નું નિવેદન લેવા સમય ફાળવવાની યાદી | ૭૭ |
| ૩૩. | એફ.એસ.એલ. રાજકોટનો ફોરવર્ડિંગ પત્ર | ૮૭ |
| ૩૪. | મુદ્દામાલનો બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૮૮ |
| ૩૫. | મુદ્દામાલનો સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૮૯ |

## –:: ચુ કા દો ::–

**નોંધ:–** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગ બનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરિયાદી/ભોગબનનારના કુટુંબી દિયર થતા હોઇ, તા. ૦૬/૦૯/૨૦૨૧ના રોજ કાનાભાઇ સેન્ટ્રીંગવાળાની વાડીની ઓરડીમાં ધુંવાવ ખાતે ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી, અવાર–નવાર બળજબરીથી શરીર સંબંધ બાંધી, ફરિયાદીના તેના પતિ સાથે છૂટાછેડા કરાવી ભોગ બનનારની ઈચ્છા અને મરજી વિરુદ્ધ તેણી સાથે અવાર–નવાર બળજબરીથી અને બળાત્કારે શરીર સંભોગ કરી, આરોપીએ ગુન્હો કરતાં આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ અને તપાસ પૂર્ણ કર્યા બાદ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

**૨.** આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એફ)(એન) મુજબની શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ જામનગર પંચ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.

૧૦/૦૯/૨૦૨૧ના રોજ ફરિયાદ નોંધાવતા પંચ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં. ગુ.ર.નં. ૧૧૨૦૨૦૪૫૨૧૦૭૫૭/ ૨૦૨૧થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એફ)(એન), મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુન્હા અંગે પુરાવો મળી આવતો હોઇ, આરોપી વિરુદ્ધ સદર ગુન્હા અંગે જામનગરના વિદ્વાન ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને વિદ્વાન ૮મા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઇઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તા. ૨૨/૧૧/૨૦૨૧ના રોજ આ કેસ અત્રે સત્ર અદાલતમાં કમિટ કરવામાં આવેલ. ત્યારબાદ મે. મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, જામનગરનાઓના હુકમ અન્વયે આ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં કેસ તબદીલ કરવામાં આવેલ છે.

**3.** આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં આ પૃથ્થકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૮થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એફ)(એન) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૯થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુન્હાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ

ચલાવવા માંગણી કરેલ છે.

૪. આરોપી વિરુદ્ધ આંક–૮થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ ન હોઇ, આંક–૯૦થી ક્લોઝિંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, અમો તદ્દન નિર્દોષ છીએ, અમારી સામે ખોટી ફરિયાદ કરી અમોને ખોટી રીતે આ કામમાં સંડોવી દીધેલ છે. અમોએ કોઇ ગુન્હો કરેલ નથી.

૫. ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રી એમ.પી. જાનીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદી/ ભોગ બનનારે પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકત સોગંદ ઉપરની જુબાની પણ જણાવેલ છે. આરોપીએ ભોગ બનનારના કુટુંબી દિયર હોવા છતાં લગ્ન કરવાની લાલચ આપી અને ભોગ બનનાર સાથે જબરજસ્તીથી બળાત્કારે શરીર સંભોગ કરેલ છે. ભોગ બનનારે પોલીસ નિવેદનમાં અને સોગંદ ઉપરની હકીકતમાં સરખી જ હકીકતો જણાવેલ છે. આમ, આ કામે રજૂ થયેલ પુરાવા મુજબ આરોપીએ ભોગ બનનારને તારી સાથે લગ્ન કરવા છે તેમ કહી લગ્ન કરવાની લાલચ આપી, ભોગ બનનારના તેના પતિ સાથે છૂટાછેડા કરાવી તેણીની ઇચ્છા અને મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી હોઇ, આ કામે ફરિયાદપક્ષે ભોગ બનનાર અને મેડિકલ પુરાવાથી આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઇ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૬. બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રીએ પોતાની આંક–૮૨ની લેખિત દલીલોમાં રજૂઆત કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ, તેમજ આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઇ શકે નહિ. ભારતના પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. કેસમાં રહેલ વાજબી શંકાનો લાભ આરોપીને આપવાનો હોય છે. રેકર્ડ પરના પુરાવા ઉપરથી એકબાજુ એમ જણાઇ આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે અને બીજી બાજુ એમ જણાઇ આવતું હોય કે, આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ નથી અથવા તો કહેવાતો ગુન્હો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરુદ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહિ. જેથી ફરિયાદપક્ષમાં રહેલ શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત છે કે, સો ગુનેગાર ભલે છટકી જાય પરંતુ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહિ. આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે. પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઇ શકે નહિ. આમ, આરોપી કહેવાતા બનાવામાં નિર્દોષ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

૭. આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દા ::–

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ફરિયાદી/ભોગબનનારના કુટુંબી દિયર થતા હોઇ, ફરિયાદના ચારેક માસ અગાઉથી તેમજ તા. ૦૬/૦૯/૨૦૨૧ ના રોજ કાનાભાઇ સેન્ટ્રીંગવાળાની વાડીએ ધુંવાવ ખાતે ભોગ બનનારને લગ્નની લાલચ આપી, તેણીના પતિ સાથે છૂટાછેડા કરાવી દઇ, ભોગ બનનારની ઇચ્છા અને મરજી વિરુદ્ધ તેણી સાથે અવાર–નવાર બળજબરી અને બળાત્કારે શરીર સંભોગ કરી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એફ)(એન) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– નકારમાં

મુદ્દાનં. ૨– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## –:: કારણો ::–

**<u>મુદ્દા નં. ૧ :</u>–**

**૧૦.** ક્રિમિનલ ટ્રાયલમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત અનુસાર ફરિયાદપક્ષે પોતાનો કેસ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરવાનો રહે છે. જ્યારે આરોપીએ પોતાનો સંભવિત બચાવ રજૂ કરવાનો રહે છે. જે કાયદાકીય સિદ્ધાંત ધ્યાને રાખી હાલના કામે પડેલ પુરાવાની ચર્ચા

કરવામાં આવે તો સૌ પ્રથમ ભોગ બનનાર કે જેમને ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૨ તરીકે આંક–૫૭થી તપાસેલાં છે તેમનો પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે. ભોગ બનનાર કે જેઓ પોતે ફરિયાદી છે તેમણે પોતાના પુરાવામાં આંક–૫૮થી ફરિયાદ રજૂ કરેલ છે. ભોગ બનનારનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ જણાઇ આવે છે કે, તેઓ પોતે પરણિત હતાં અને દશ વર્ષ અગાઉ તેમના પતિ સાથે પ્રેમલગ્ન કરેલાં અને તે લગ્નથી તેમને બે સંતાન હતાં અને ત્યારબાદ ભોગ બનનારે તા. ૦૪/૦૯/૨૦૨૧ના રોજ કોર્ટમાંથી રાજીખુશીથી તેમના પતિ સાથે છૂટાછેડા લીધેલા. પરંતુ આ કામે ક્યાંય પણ તા. ૦૪/૦૯/૨૦૨૧ના છૂટાછેડાનો કરાર અથવા તો તેવા કરારમાં દર્શાવેલ છૂટાછેડાનું કારણ ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સાથે સાથે એવી હકીકત પણ જણાઇ આવે છે કે, ભોગ બનનાર બનાવના ૪ વર્ષ અગાઉથી આરોપી કે જે તેમના કુટુંબી દિયર હતા તેની સાથે શારીરિક સંબંધ ધરાવતા હતા અને તેઓ બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. ભોગ બનનારના જણાવ્યા મુજબ ફરિયાદ તા. ૧૯/૦૯/૨૦૨૧ અગાઉ તા. ૦૬/૦૯/૨૦૨૧ના રોજ આરોપી ભોગ બનનારને લગ્નની લાલચ આપી લઇ ગયેલ. તદુપરાંત ફરિયાદપક્ષનો કેસ એવો પણ છે કે, આરોપીએ તેમના પતિ સાથે છૂટાછેડા લઇ લેવા જણાવેલ હોય ભોગ બનનારે તેમના પતિથી છૂટાછેડા લઇ લીધેલા. એ હકીકત નોંધનીય છે કે, ફરિયાદી પોતે બનાવ સમયે ૨૯ વર્ષના પુખ્તવયના પરણિત વ્યક્તિ હતાં અને તેમના પતિ તથા બે સંતાનો સાથે વસવાટ કરતા હતાં. જ્યારે આરોપી તેમના ઘરની સામે રહેતા હતા અને તેઓ ફરિયાદીના દિયર હતા અને તેઓ પણ પરણિત અને સંતાનોના પિતા હતા. જે તમામ હકીકતો ફરિયાદી સારી રીતે જાણતા હોવા છતાં કોઇપણ તબક્કે ફરિયાદીએ

આરોપીને એવું જણાવેલ હોય કે, આરોપી તેમની પત્ની સાથે છૂટાછેડા લીધા વગર કેમના ફરિયાદી સાથે લગ્ન કરશે તેવું રેકર્ડ પર આવેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદી એ બાબતથી સ્પષ્ટપણે સજાગ હતાં કે, આરોપી કે જે પોતે પરણિત છે અને સંતાનોના પિતા છે અને ફરિયાદી પણ જાતે પરણિત અને સંતાનોની માતા હોવાથી આરોપી તેમની સાથે લગ્ન કરવા સક્ષમ ન હતા તેમ છતાં તેવી તમામ હકીકતો અવગણીને ફરિયાદ અગાઉના ચાર વર્ષથી આરોપી સાથે સતત સંબંમાં રહેલાં અને અવાર–નવાર શારીરિક સંબંધ પણ બાંધેલા. જે તમામ હકીકતો પરથી ફરિયાદી પોતે મંજૂરી આપનાર વ્યક્તિ જણાઇ આવે છે. તદુપરાંત ફરિયાદી તા. ૦૬/૦૯/૨૦૨૧ના રોજ તેમના ઘરેથી નીકળી ગયા બાદ તા. ૧૯/૦૯/૨૦૨૧ના રોજ હાલની ફરિયાદ આપે છે અને તે બાબતનો કોઇ ખુલાસો ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં ફરિયાદીની ઉલટ તપાસમાં એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, હાલ પણ ફરિયાદી તેમના પતિ સાથે છૂટાછેડા થયેલ હોવા છતાં તેમની સાથે રહે છે. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરિયાદીને જબરજસ્તીપૂર્વક અથવા તો લગ્નની લોભ, લાલચ આપીને આરોપીએ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તેવું જણાતું નથી.

**૧૧.** ફરિયાદપક્ષે સાહેદ નં. ૮ તરીકે આંક–૪૬થી ભોગ બનનારના પતિ અરવિંદ ભગવાનજીભાઇ જાદવને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી પરણિત હતા અને બે દીકરા અને દીકરી છે. તેમનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષને સમર્થનકારી કોઇ જ હકીકતો જણાવતા ન હોઇ, તેમનો પુરાવો હિઅર–સે પ્રકારનો છે.

**૧૨.** ફરિયાદપક્ષે સાહેદ નં. ૯ તરીકે આરોપીના મિત્ર કાનજીભાઇ કરમશીભાઇ જાદવને આંક–૪૭થી તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ૨૦૨૧ની સાલમાં મનોજનો તેઓને ફોન આવેલો કે હું તારી વાડીએ ભોગ બનનારને એકાદ–બે દિવસ રાખવા માટે જાવ છુ. એક–બે દિવસ રાખી પછી તેની સાથે લગ્ન કરવા છે તેમ કહેલ અને એકાદ બે દિવસ તેઓની વાડીએ રાખવા જણાવેલ. તેથી વિશેષ કોઇ હકીકત સદર સાહેદ જણાવતા નથી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં. ૭ તરીકે આંક–૩૬થી ડૉ. હેતલ રાઠોડને તપાસવામાં આવેલાં છે. તેઓએ ભોગ બનનારની મેડિકલ તપાસણી કરેલી છે. તેઓની સમગ્ર તપાસ દરમ્યાન ભોગ બનનારને બાહ્ય કે ગુપ્તભાગે કોઇ ઈજા થયેલ હોવાનું જણાયેલ નથી. સદર સાહેદ આંક–૩૭થી આંક–૪૧ સુધીના ભોગ બનનારની સારવાર અંગેના પેપર્સ રજૂ રાખેલ છે.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૩૦થી આરોપીની મેડિકલ તપાસણી કરનાર ડૉ.રખાલચંદ્ર ગોપેશચંદ્ર દત્તા તેમજ સાહેદ નં.૧૧ તરીકે આંક–૫૨ થી ડૉ. હંસાબેન પરષોત્તમભાઇ પટેલને તપાસેલા છે. સદર બંને સાહેદોએ તેઓના પુરાવામાં તેઓએ આરોપીને તપાસેલા છે અને વીર્યનો નમૂનો લેવા પ્રયત્ન કરેલ પરંતુ વીર્યનો નમૂનો મેળવી શકાયેલ ન હોવાનો પુરાવો આપેલ છે. સદર ડૉક્ટર સાહેદોએ આરોપીની તપાસણી અંગેના મેડિકલ પેપર્સ રજૂ રાખેલ છે.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૦ તરીકે ડૉ. દિપકુમાર પ્રભુલાલ મણવરને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં ભોગ બનનારના મેડિકલ સેમ્પલ લેવા તેઓ પાસે લાવેલાની હકીકત જણાવેલ છે અને આંક–૫૦ તથા ૫૧ ના દસ્તાવેજો પોતાના પુરાવા દરમિયાન રજૂ

રાખેલા છે.

**૧૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ અતુલભાઇ અમરશીભાઇ ધવલને આંક-૧૪થી તથા સાહેદ નં. ૨ તરીકે આંક-૧૬થી પંચ સાહેદ ગોપાલભાઇ ગોવિંદભાઇ પરમારને તપાસેલા છે. જેઓ બંને આ કામના બનાવવાળી જગ્યાના આંક-૧૫ વાળાના પંચનામાના પંચ સાહેદ છે. વધુમાં આ કામે સાહેદ નં. ૩ તરીકે પંચ સાહેદ વસંતભાઇ નાથુભાઇ રાઠોડને આંક-૧૭થી તથા સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ ભાવેશ મનસુખભાઇ પરમારને આંક-૨૦થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ બંને આ કામના ભોગ બનનારના મેડિકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમજ ફરિયાદપક્ષે સાહેદ નં. ૫ તરીકે પંચ સાહેદ મહેશભાઇ ગોપાલભાઇ કણઝારિયાને આંક-૨૧થી તપાસેલા છે. સદર સાહેદ આરોપીની અટક તથા સેમપ્લ કબજે કર્યાના આંક-૨૩ વાળા પંચનામાના પંચ સાહેદ છે. સદરહુ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોઇ અને હોસ્ટાઇલ જાહેર થયેલ હોઇ, આ કામે રજૂ થયેલ પંચનામા પુરાવા થતાં નથી.

**૧૭.** ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૩ તથા ૧૪થી આ કામની તપાસ કરનાર બંને ત.ક.અ.ને અનુક્રમે આંક-૬૨ અને આંક-૬૫થી તપાસેલા છે. સદર બંને તપાસ કરનાર અમલદારોએ આ કામે તપાસની તમામ કાર્યવાહી કરેલી અને દસ્તાવેજો કબજે લીધેલા તેમજ અદાલતમાં રજૂ કરેલા છે.

૧૮. આમ, ઉપરોક્ત પુરાવાની ચર્ચાને અંતે એવું સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, ફરિયાદપક્ષે બનાવ બાદ ફરિયાદ આપવામાં જે વિલંબ થયેલ છે તેનો કોઇ ખુલાસો કરેલ નથી. તદુપરાંત ભોગ બનનાર તેમજ આરોપી બંને પરણિત છે અને આરોપી પરણેલા હોવાનું તથા તેઓને સંતાનો

પણ હોવાનું ભોગ બનનાર જાણતા હતા. તેમજ ભોગ બનનાર ખુદ પણ પોતાના પતિ સાથે છૂટાછેડા થયેલ હોવા છતાં પોતાના પતિ સાથે રહેતાં હોઈ, ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ બળજબરીપૂર્વક ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલા. ખાસ કરીને જ્યારે ભોગ બનનાર અને આરોપી પરણિત હોય અને સંતાનના માતા–પિતા હોય ત્યારે આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર કર્યાની હકીકત માની શકાય નહિ. આમ, સમગ્ર પુરાવાની ચર્ચાને અંતે સ્પષ્ટ જણાઈ આવે છે કે, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરાવમાં નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ 'નકાર'માં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**૧.** આ કામના આરોપી મનોજ ઉર્ફે અનિયો રઘુભાઈ જાદવ, રે. પંચાયતવાળી શેરી, ધુંવાવ, જામનગરનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એફ)(એન)મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

**3.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હોન્ડા મોટર સાયકલ રજિ. નં. જી.જે. ૧૦ બી.સી. ૧૭૨૨ અન્વયે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે

અન્યથા સદરહું મુદ્દામાલ અન્વયે માલિકની યોગ્ય ખરાઈ કરી તેમને મુદ્દામાલ અપીલ સમય બાદ પરત સોંપવો. તેમજ અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ અદાલતના હુકમ મુજબ નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તા. ૨૦મી, માહે જૂન, સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૫
સ્થળ: જામનગર
*H H Bandhiya*

**(રોબીન પી. મોગેરા)**
અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539